©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 03rd JULY, 2025/ASHADHA 12, 1947 [No. 3579

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસૂચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯

(નિયમ-૨૬(૧) અને ૨૬(૩))

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૭ (વાવડી)

નં. નરયો/નં. ૨૭ (વાવડી)/જનરલ/અધિસુચના/૧૦૬૦/૨૦૨૫.-હું, નીચે સહી કરનાર નગર રચના અધિકારી અને પ્રવર નગર નિયોજક, રાજકોટ નગર રચના યોજના, રાજકોટ સદરહુ યોજના વિસ્તારનાં તમામ જમીન માલિકો અને હિત સંબંધ ધરાવતી તમામ વ્યકિતઓને આથી જણાવું છું કે, ગુજરાત સરકારશ્રીના તા. ૨૩-૦૪-૨૦૨૫ ના અસાધારણ રાજપત્ર ભાગ-૪(બી) ના પાના નં. ૧૭૬-૧ ઉપર પ્રસિધ્ધ થયેલ, સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની તા. ૨૩-૦૪-૨૦૨૫ ની અધિસુચના ક્રમાંક : જીએચ/વી/૨૦૨૫ નો ૧૪૧/યુડીયુએચડી/ટીપીએસ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૩૮૬૩/એલ થી સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૨૩-૦૪-૨૦૨૫ ના જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/ ૧૪૦ ઓફ ૨૦૨૫/યુડીયુએચડી/ટીપીએસ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૩૮૬૩/એલ થી મંજુર થયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૭ (વાવડી) ને આખરી કરવા સારૂ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૦(૧) હેઠળ પ્રવર નગર નિયોજક, નગર રચના યોજના એકમ, રાજકોટની નગર રચના અધિકારી તરીકે હોદ્દાની રૂએ નિમણુંક થયેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૧) થી ઠરાવ્યા મુજબ હું આથી નોટીસ આપું છું કે, મેં તા. ૦૧-૦૭-૨૦૨૫ ને મંગળવારના રોજ નગર રચના અધિકારી તરીકેની કાયદાકીય ફરજો સંભાળી લીધેલ છે.

સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૭ (વાવડી)માં મોજે :- વાવડીનાં રેવન્યુ સર્વે નંબર ૮૮, ૯૦ થી ૯૨, ૯૪ થી ૯૮, ૧૦૬ થી ૧૨૩, ૧૨૯ થી ૧૩૩, ૧૩૭ તથા સરકારી ખરાબાના રે.સ.નં. ૧૪૯ પૈકી તથા તેના હિસ્સા ભાગનો સમાવેશ થાય છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૭ (વાવડી)ની ચર્તુઃસીમા તથા હદ નીચે મુજબ છે.

ઉત્તરે : મુસદ્દારૂપનગર રચના યોજના નં. ૩૬ (મવડી) તથા આખરી નગર રચના યોજના નં. ૧૫ (વાવડી)ની હદ આવેલ છે.

દક્ષિણે : રૂડા વિસ્તારના ગામ કાંગશિયાળીનો સિમાડો આવેલ છે.

પુર્વે : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૫ (વાવડી) તથા મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬ (વાવડી)ની હદ આવેલ છે.

પશ્ચિમે : રૂડા વિસ્તારના ગામ પાળ ગામનો સિમાડો આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ કરેલા નિયમોના નિયમ-૨૬(૩) થી ઠરાવ્યા પ્રમાણે હું આથી તમામ હિત ધરાવતી વ્યક્તિઓને અથવા ઉપરની નગર રચના યોજનામાં સમાવિષ્ટ કોઈપણ બાબતથી અસર પામેલી વ્યક્તિઓને જાણ કરું છું કે, તેઓને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૨ માં જણાવેલી બાબતોના સંબંધમાં ગુજરાત સરકારશ્રીના રાજપત્રમાં આ અધિસુચના પ્રસિધ્ધ થયાના ૨૦ (વીસ) દિવસની અંદર પોતાના વાંધા જરૂરી પુરાવા અને દસ્તાવેજો સાથે મારી સમક્ષ લેખિત જણાવવા.

ઉકત મુસદ્દારૂપ નગર રચના યોજનાથી પ્રતિકુળ અસર થયેલ કોઈ વ્યકિત સદર અધિનિયમ-૧૯૭૬ની કલમ-૮૨ અનુસાર નુકશાની માટે હક્કદાર છે અને આવી વ્યકિતઓએ તેના દાવાની વિગતો આ અધિસુચના ગુજરાત સરકારશ્રીનાં રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની ત્રણ મહિનાની અંદર જરૂરી દસ્તાવેજો અને પુરાવા સાથે જણાવવી.

સરકારશ્રીએ મંજુર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૭ (વાવડી) ના મુસદ્દાની નકલ જરૂરી તમામ દસ્તાવેજો, પત્રકો, નકશાઓ, નમુનાઓ જોવા માટે રજાના દિવસો સિવાય તમામ દિવસોએ કચેરીના સમય દરમ્યાન નગર રચના અધિકારીની કચેરીમાં ખુલ્લી રાખવામાં આવશે. અને જમીનોમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને અને નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામેલ કોઈપણ વ્યક્તિને નીચે જણાવેલ કચેરીના સરનામે યોજનાની દરખાસ્તો સમજાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

તા. ૦૧-૦૭-૨૦૨૫
રાજકોટ

કે. આર. સુમરા
નગર રચના અધિકારી
પ્રવર નગર નિયોજક
રાજકોટ નગર રચના યોજના
રાજકોટ.

કચેરીનું સરનામુ :
પ્રવર નગર નિયોજકની કચેરી,
રાજકોટ નગર રચના યોજના, રાજકોટ
''રૂડા'' બિલ્ડીંગ, છઠ્ઠો માળ, શ્રી ચીમનભાઈ પટેલ વિકાસ ભવન,
જામનગર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.

અધિસૂચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯

(નિયમ-૨૬(૧) અને ૨૬(૩))

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬ (વાવડી)

નં. નરયો/નં. ૨૬ (વાવડી)/જનરલ/અધિસુચના/૧૦૬૨/૨૦૨૫.-હું, નીચે સહી કરનાર નગર રચના અધિકારી અને પ્રવર નગર નિયોજક, રાજકોટ નગર રચના યોજના, રાજકોટ સદરહુ યોજના વિસ્તારનાં તમામ જમીન માલિકો અને હિત સંબંધ ધરાવતી તમામ વ્યકિતઓને આથી જણાવું છું કે, ગુજરાત સરકારશ્રીના તા. ૨૩-૦૪-૨૦૨૫ ના અસાધારણ રાજપત્ર ભાગ-૪(બી) ના પાના નં. ૧૭૪-૧ ઉપર પ્રસિધ્ધ થયેલ, સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની તા. ૨૩-૦૪-૨૦૨૫ ની અધિસુચના ક્રમાંક : જીએચ/વી/૨૦૨૫ નો ૧૩૯/યુડીયુએચડી/ટીપીએસ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૩૮૫૯/એલ થી સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૨૩-૦૪-૨૦૨૫ ના જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/ ૧૩૮ ઓફ ૨૦૨૫/યુડીયુએચડી/ટીપીએસ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૩૮૫૯/એલ થી મંજુર થયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૬(વાવડી) ને આખરી કરવા સારૂ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૦(૧) હેઠળ પ્રવર નગર નિયોજક, નગર રચના યોજના એકમ, રાજકોટની નગર રચના અધિકારી તરીકે હોદ્દાની રૂએ નિમણુંક થયેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૧) થી ઠરાવ્યા મુજબ હું આથી નોટીસ આપું છું કે, મેં તા. ૦૧-૦૭-૨૦૨૫ ને મંગળવારના રોજ નગર રચના અધિકારી તરીકેની કાયદાકીય ફરજો સંભાળી લીધેલ છે.

સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬ (વાવડી)માં મોજે :- વાવડીનાં રેવન્યુ સર્વે નંબર ૩ થી ૨૫, ૩૦ થી ૩૫, ૧૨૪ થી ૧૨૮, ૧૩૪ થી ૧૩૬, ૧૩૮, ૧૩૯ તથા સરકારી ખરાબાના રે.સ.નં. ૧૪૯ પૈકી તથા તેના હિસ્સા ભાગનો સમાવેશ થાય છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬(વાવડી)ની ચર્તુઃસીમા તથા હદ નીચે મુજબ છે.

ઉત્તરે : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧૪(વાવડી) તથા મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૫ (વાવડી)ની હદ આવેલ છે.

દક્ષિણે : ગામ કોઠારીયા તથા રૂડા ગામ કાંગશિયાળીનો સિમાડો તથા મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૭ (વાવડી)ની હદ આવેલ છે.

પુર્વે : ગામ કોઠારીયાનો સિમાડો આવેલ છે.

પશ્ચિમે : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૫(વાવડી) તથા મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૭ (વાવડી)ની હદ આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિમિયમ, ૧૯૭૬ હેઠળ કરેલા નિયમોના નિયમ-૨૬(૩) થી ઠરાવ્યા પ્રમાણે હું આથી તમામ હિત ધરાવતી વ્યક્તિઓને અથવા ઉપરની નગર રચના યોજનામાં સમાવિષ્ટ કોઈપણ બાબતથી અસર પામેલી વ્યક્તિઓને જાણ કરું છું કે, તેઓને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૨ માં જણાવેલી બાબતોના સંબંધમાં ગુજરાત સરકારશ્રીના રાજપત્રમાં આ અધિસુચના પ્રસિધ્ધ થયાના ૨૦ (વીસ) દિવસની અંદર પોતાના વાંધા જરૂરી પુરાવા અને દસ્તાવેજો સાથે મારી સમક્ષ લેખિત જણાવવા.

ઉકત મુસદ્દારૂપ નગર રચના યોજનાથી પ્રતિકુળ અસર થયેલ કોઈ વ્યકિત સદર અધિનિયમ-૧૯૭૬ની કલમ-૮૨ અનુસાર નુકશાની માટે હક્કદાર છે અને આવી વ્યકિતઓએ તેના દાવાની વિગતો આ અધિસુચના ગુજરાત સરકારશ્રીનાં રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની ત્રણ મહિનાની અંદર જરૂરી દસ્તાવેજો અને પુરાવા સાથે જણાવવી.

સરકારશ્રીએ મંજુર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬ (વાવડી) ના મુસદ્દાની નકલ જરૂરી તમામ દસ્તાવેજો, પત્રકો, નકશાઓ, નમુનાઓ જોવા માટે રજાના દિવસો સિવાય તમામ દિવસોએ કચેરીના સમય દરમ્યાન નગર રચના અધિકારીની કચેરીમાં ખુલ્લી રાખવામાં આવશે. અને જમીનોમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને અને નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામેલ કોઈપણ વ્યક્તિને નીચે જણાવેલ કચેરીના સરનામે યોજનાની દરખાસ્તો સમજાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

તા. ૦૧-૦૭-૨૦૨૫
રાજકોટ

કે. આર. સુમરા
નગર રચના અધિકારી
પ્રવર નગર નિયોજક
રાજકોટ નગર રચના યોજના
રાજકોટ.

કચેરીનું સરનામુ :
પ્રવર નગર નિયોજકની કચેરી,
રાજકોટ નગર રચના યોજના, રાજકોટ
''રૂડા'' બિલ્ડીંગ, છઠ્ઠો માળ, શ્રી ચીમનભાઈ પટેલ વિકાસ ભવન,
જામનગર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.07.07 15:08:23 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot